# પ્રાંતિજના ખાતે ધડકણ તાલુકા સદસ્યની પેટા ચુંટણીમાં મતદાન

**મતદારો એ સવારથીજ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું : ભાજપ, કોંગ્રેસ, આપ ત્રણેય પક્ષોના ઉમેદવારોના ભાવી મત પેટીમાં સીલ થયા : ત્રણેય પક્ષો વચ્ચો ત્રિકોણીયો જંગ : ધડકણ, સુખડ, સદાના મુવાડા ખાતે મતદાન યોજાયુ : પાંચ ઓક્ટોબરે મામલતદાર કચેરી ખાતે મતગણતરી : શાંતિ પૂર્ણ મતદાન યોજાયુ ત્રણેય પક્ષોના ઉમેદવારો સહિત ટેકેદારોએ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો**





પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે તાલુકા સદસ્યની પેટા ચુંટણીને લઈ ને આજે ધડકણ, સુખડ,

**પુરૂષ મતદારો - ૨૯૦૧**
**સ્ત્રી મતદારો - ૨૬૬૫**
**કુલ મતદારો - ૫૫૬૬**
**બપોર સુધીમાં ૩૨.૫૧% મતદાન**

સદાના મુવાડા ખાતે મતદાન યોજાયુ હતુ જેમા મતદારો એ સવારથીજ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યુ હતુ

પ્રાંતિજ ના ધડકણ ખાતે તાજેતરમાંજ અપક્ષ તાલુકા સદસ્યનુ મોત નિપજતા ખાલી પડેલ તાલુકા સદસ્ય ની સીટ માટે ની પેટા ચુંટણી પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરા ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમા સવારથીજ મતદારો દ્વારા પોતાના મતાધિકાર નો ઉપયોગ મતદાન મથક ઉપર ઉમટી પડયા હતા જેમા ધડકણ ખાતે ત્રણ બુથ , સુખડ ખાતે બે બુથ અને સદાના મુવાડા એક બુથ એમ કુલ-૬ બુથો મા મતદાન પ્રકિયા હાથધરવામા આવી હતી જેમા આ વખતે ભાજપ, કોંગ્રેસ , આપ એમ ત્રણેય પક્ષો વચ્ચે ત્રિકોણીયો જગ જોવા મળ્યો હતો

**ગઇ વખતે ભાજપ કોંગ્રેસ અને અપક્ષ માથી મતદારોએ અપક્ષ ઉમેદવાર ને જીતાડયો હતો**

તો ત્રણેય પક્ષો ના ઉમેદવારો દ્વારા એડીચોટી નુ જોર લગાવવામા આવ્યુ હતુ તો ભાજપ ના ઉમેદવાર તરીકે ચતુરસિંહ કાળુસિંહ ડાભી ગામ- સુખડ, કોંગ્રેસ ના ઉમેદવાર તરીકે જય કુમાર ગાંડાભાઈ પટેલ ગામ ધડકણ તથા આપ ના ઉમેદવાર તરીકે રાજેશકુમાર ભીખાભાઈ સુથાર દ્વારા ઉમેદવારી નોંધાવી હતી જેમા આ વખતે પણ ત્રણેય પક્ષો વચ્ચોવચ ત્રિકોણીયો જગ ખેલાયો છે ત્યારે જોવુ એ રહ્યુ કે મતદારો આ વખતે કયા પક્ષ ઉપર વિશ્વાસ મુકશે એતો પાંચ ઓક્ટોબર ના રોજ મતગણતરી બાદજ ખબર પડશે ત્યારે હાલતો ત્રણેય પક્ષ ના ઉમેદવારો અને ટેકેદારો જીત ની દાવેદારી કરી રહ્યા છે ત્યારે આજે ત્રણેય ઉમેદવારોના ભાવી મતદારો એ મત પેટી મા

**ધડકણ ખાતે નવો પક્ષ આપની ચુંટણી જંગમાં પ્રથમ વખત ચુંટણી જંગ એન્ટ્રી**

સીલ કર્યા છે અને બપોર સુધી મા કુલ-૩૧.૫૧% મતદાન યોજાયુ હતુ તો ધડકણ ની પેટા ચુંટણી નુ મતદાન પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા ના અધ્યક્ષ સ્થાને શાન્તી પૂર્ણ યોજાયુ હતુ તો પાંચ ઓક્ટોબર ના રોજ પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે મતગણતરી હાથ ધરવામા આવશે.

## જન્મદિને વધામણી




કમલેશભાઈ પૂનમચંદ ચૌહાણ
બાયડ



વિશાલ દિલીપભાઈ પટેલ
આદિત્ય કોમ્પુટર, બાયડ
બાયડ



વિશાલભાઈ પંકજભાઈ પટેલ
આકરુંદ તા.ધનસુરા



દિપકભાઈ પી.શાહ
વલ્લભનગર સોસાયટી
બાયડ



યોગેશભાઈ એસ.શાહ
કલાપી કંગન સ્ટોર્સ
બાયડ જી. અરવલ્લી

# મેઘરજ આર એન્ડ બી વિભાગ દ્વારા ખાડા પડેલા રસ્તાઓ ઉપર મરામતની કામગીરી હાથ ધરાઈ

## રાજ્ય સરકારના અભિયાનની અસર



મેઘરજ તા. ૩

રાજ્ય સરકાર દ્વારા તા.૧૦ મી ઓક્ટોબર, ૨૦૨૧ સુધી રાજ્યભરમાં માર્ગ મરામત મહા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે મેઘરજ આર એન્ડ બી વિભાગ દ્વારા જે રસ્તાઓ પર ચોમાસામાં ભારે વરસાદને કારણે ખાડા પડી ગયા હોય એવા રસ્તાઓનું મરામત કામ હાથ ધરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા અભિયાનને લોકોએ આવકારી ખાડા પડેલા રસ્તાઓની રજૂઆતનો દોર ચાલુ કર્યો હતો જેની મેઘરજ આર એન્ડ બી વિભાગના ઉત્સાહી નાયબ ઈજનેર રાજગોરએ નોંધ લીધી હતી અને તાલુકાના ગામડાઓમાંથી મળેલી રજૂઆત પ્રમાણે ખાડાઓ પુરાવાની કામગીરી હાથ ધરી દીધી હતી. મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ જુના રસ્તાઓ પર ચોમાસાના ભારે વરસાદને કારણે ખાડાઓ પડી ગયેલા હતા. જેની વિસ્તારના લોકો દ્વારા રજૂઆત કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે તાલુકા આર એન્ડ બી વિભાગે જાગૃતા દાખવી મરામતની કામગીરી આરંભી દેતા અરજદાર સહીત લોકોમાં આનંદ વ્યાપ્યો હતો.

# શ્રી ઉમિયા પરિવાર દ્વારા ખંભીસરની દીકરીને ગૌરવ એવોર્ડ એનાયત



મોડાસા, તા. ૩

મોડાસાના ખંભીસર ગામના વતની કિરીટભાઈ ધુળાભાઈ પટેલ ની દીકરી ડો.પ્રોક્ષિણીબેન પટેલ ને હિંમતનગર ખાતે યોજાયેલ શ્રી ઉમિયા પરિવાર હિંમતનગર દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ માં ગૌરવ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે સમાજ ના અગ્રણીઓએ અને ગ્રામજનો એ ડો.પ્રોક્ષિણીબેન પટેલ ને અભિનંદન પાઠવ્યા હતા.

# ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે આશા વર્કર બહેનોની વિવિધ માંગણીઓ સંદર્ભે બેઠક યોજાઈ

ભિલોડા, તા.૩

અરવલ્લી જિલ્લાની આશા વર્કર બહેનો ની વિવિધ માંગણીઓને લઈને ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે આવેલ સભાખંડમાં તા. ૨ જી ઓક્ટોબર ગાંધીજીની જન્મ જયંતીના રોજ બેઠક યોજાઈ હતી.બેઠકમાં કોરોના કાળમાં આશા વર્કરો સાથે થયેલ અન્યાય ને લઈને આંદોલન કરવાની ગર્ભિત ચીમકી ઉચ્ચારી હતી. આશા વર્કરો એ કોરોના કાળમાં ૨૪ કલાક કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા હતા.૨૪ કલાક ફરજ ઉપર હાજર રહેવા છતાં ૧૨,૦૦૦ હજાર આપવામાં આવતા હતા.પરંતુ પગાર ૧૨,૦૦૦ હજાર થી વધારી ને ૧૮,૦૦૦ કરવાની માંગ સાથે બેઠક કરી છે.બેઠકમાં ગુજરાત રાજ્ય એસો.ના પ્રમુખ કિરણભાઈ કવિ સહિત આશા વર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમા બાકી વેરા મામલે પાલીકાનું કડક વલણ: ઘરવેરો ન ભરનારા ૧૦૦ લોકોને નોટિસ ફટકારાઈ

## બાકીદારોના નળ કનેકશન કાપવા અને મકાન શીલ કરવા ટીમ બનાવાઈ

પાલનપુર, તા. ૩

પાલનપુર શહેરના કેટલાક લોકો નગરપાલિકા નો ઘર વેરો ભરવામા લાપરવાહી દાખવતા હોઈ પાલિકાના ચોપડે ૮ થી ૧૦ કરોડનો ઘર વેરો બાકી નીકળતો હોઈ પાલીકા દ્વારા આ બાકી કર વસૂલવા માટે બાકીદારો ને નોટિસો ફટકારવામ આવી છે જેમાં બાકીદારો તાકીદે બાકી વેરાની ભરપાઈ નહિ કરે તો તેમના મકાનોના નળ કનેક્શન કાપવા સહિત મકાનો સિલ કરવાનો તખ્તો ઘડવામાં આવ્યો છે

પાલનપુર નગરપાલિકામા





શહેરમા ૬૦૦ થી વધુ મકાનોનો ઘર વેરો કેટલાય વર્ષો થી બાકી બોલતો હોઈ બાકીદારો નો ૮ થી ૧૦ કરોડ જેટલો ઘર વેરો પાલિકાના ચોપડે ચડી જતા આખરે પાલીકા દ્વારા આ કરોડો નો બાકી ઘરવેરાની વસુલાત માટે બાકીદારોને નોટિસો ફટકારવામાં આવી છે જેમા બાકીદારો સત્વરે નગરપાલિકાનો બાકી નીકળતો વેરો નહિ ભરે તો પાલીકા દ્વારા આ બાકીદારોના નળ કનેકશન કાપવા અને મકાનો સિલ કરવા માટે દશ કર્મચારીઓ ની ટીમ બનાવવામાં આવી છે જોકે પાલિકા દ્વારા બાકી વેરાની વસુલાત માટે કડક વલણ અપનાવતા બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે

# ધનસુરા ગ્રામ પંચાયત ખાતે ગાંધી જયંતિની ઉજવણી

ધનસુરા,તા. ૩

ધનસુરા ગ્રામ પંચાયત ખાતે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી સાથે ગ્રામસભા પણ રાખવામાં આવી હતી જેમાં ગામ લોકો જોડાયા હતા આ કાર્યક્રમમાં ગાંધીજી ની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી જેમાં ગ્રામ પંચાયતના સરપંચ વિવિધ આગેવાનો સદસ્યો,ગામલોકો અને ગ્રામ પંચાયતનો સ્ટાફ હાજર રહ્યો હતો સાથે ગ્રામસભા ની અંદર ગામ ને લગતા મુદ્દાઓ તેમજ ગામમાં સ્વચ્છતા અંગેની બાબતો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

# ડીસામાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે પદયાત્રાનું આયોજન

## નગરપાલિકા સેનિટેશન વિભાગ અને ભાજપ દ્વારા પદયાત્રા યોજાઈ

ડીસા, તા. ૩

ભારતના રાષ્ટ્રપિતા અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજીના જન્મદિવસ નિમિત્તે ડીસા ભારતીય જનતા પાર્ટી અને નગરપાલિકા સેનિટેશન વિભાગ તરફથી આજે નગરપાલિકાથી ગાંધીજીની પ્રતિમા સુધી પદયાત્રા યોજવામાં આવી હતી. જેમાં ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડ્યા, નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર ,ડીસા શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર, મહામંત્રી હકમાજી જોશી,





રાકેશભાઈ પટેલ, સેનિટેશન વિભાગ સમિતિના ચેરમેન સંગીતાબેન પ્રકાશભાઈ દવે તેમજ મહિલા મોરચાના તમામ સભ્યો, નગરપાલિકાના તમામ કોર્પોરેટરો અને ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના પ્રમુખ વિજયભાઈ વાઘેલા સાથે તમામ યુવા મોરચાના કાર્યકરો પદયાત્રામાં જોડાયા હતા, મહાત્મા ગાંધીજી ના જન્મદિવસ નિમિત્તે નગરપાલિકા આગળ તમામ હાજર રહેલા વ્યક્તિઓએ પોતાના શહેરને સુંદર બનાવવા માટેના પ્રયાસો તેમજ વર્ષમાં ૧૦૦ કલાક સ્વચ્છતા પાછળ સમય આપવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. આજના આ પવિત્ર દિવસે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને ડીસા શહેર ભાજપ અને ધારાસભ્ય તરફથી સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પ્રતિમા ઉપર ફુલ હાર સુતરની આંટી પહેરાવી 'ગાંધી બાપુ અમર રહો' ના નારાઓ સાથે શહેરની મેઈન બજારો ગુંજી ઉઠી હતી.

**અસહ્ય બફારા વચ્ચે વરસાદની રઝમટ**

# સાબરકાંઠાના પોશીના-વડાલીમાં સૂપડાધારે ૧ ઈંચ વરસાદ

**૧૨ તાલુકામાં તાપમાનનો પારો ઊંચકાયો, પ્રજા અકળાઈ**


બાયડ, તા. ૩

વરસાદની વિદાયની ગણાતી ઘડીઓ વચ્ચે સાબરકાંઠાના પોશીના - વડાલીમાં સુપડાધારે ૧ ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે ૧૨ તાલુકામાં તાપમાનનો પારો ૩૩ ડીગ્રીએ આંબવા સાથે ભયંકર બફારો અનુભવાતાં પ્રજા અકળાઈ ઉઠી છે.સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં આ વર્ષ ધારણા કરતાં ઓછા વરસાદની ચિંતા હાવી છે. હવામાન વિભાગ દ્વારા તા. ૭ ઓકટોબરથી ચોમાસું વિદાય થઈ શકે છે તેવું અનુમાન લગાવ્યું છે. પરંતુ કુદરત આગળ ભલભલી આગાહીઓ પણ ખોટી ઠરી છે. પાછલા ૨ દિવસથી બફારો વધ્યો તાપમાનનો પારો ઊંચકાયો ત્યારે ગતરોજ જિલ્લામાં ૨ તાલુકામાં ડરામણા વિજકડાકા સાથે ૧ ઈંચ વરસાદ વરસતાં ઠંડક પ્રસરી હતી. એકાએક વરસાદ વરસતાં તૈયાર મગફળીના પાકને નુકશાન થયાનું ખેડૂતો જણાવી રહ્યા છે. જિલ્લામાં વરસાદની ઘટ્ટ ઓછી થાય તે માટે મુશળધાર વરસાદની જરૂર છે પરંતુ બીજી તરફ અત્યારે વરસાદ વરસે તો ખેડૂતોના તૈયાર મગફળીનો પાક નકામો બની જવાની દહેશત છે.

# ભાદરવાના વરસાદથી બનાસકાંઠાના નદી નાળા જીવંત બન્યા, પ્રકૃતિ ખીલી ઉઠી

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષ ચોમાસાની શરૂઆતમાં ધમાકેદાર એન્ટ્રી કર્યા બાદ અષાઢ અને શ્રાવણમાસમાં વરસાદ ખેંચાતા પ્રજાજનો



ભારે ચિંતામાં મુકાઈ ગયા હતા. જિલ્લામાં દુષ્કાળના ઓળા ઉતરે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતુ. બિન પિયત ખેડૂતોના પાકો સુકાઈ રહ્યા હતા. આવી અણીના સમયે જ ભાદરવા માસમાં છેલ્લા એક માસથી અવિરત વરસાદ પડી રહ્યો છે. જેના પગલે દુષ્કાળનું સંકટ તો ટળી જ ગયું છે. સાથે સાથે ચોમેર લીલોતરી ઉગી નીકળતાં આંખોને ઠંડક પહોંચે તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. દાંતા, વડગામના મુમનવાસ વિસ્તારમાં આવેલી અરવલ્લીની ગિરીમાળાઓમાંથી વહેતા નદી - નાળા જીવંત બન્યા છે. જ્યાં મુમનવાસ નજીક આવેલા ધુંધળીનાથ ગુરૂ બાપજીના પહાડ સહિત પર્યટક સ્થળોએ લોકોની ભીડ પણ જોવા મળી રહી છે. અને ઉપરથી પડતાં ધોધ નીચે સ્નાન કરવાનો આનંદ માણી રહ્યા છે.

**ગુજરાતી થાળી વધુ મોંઘી બની...!!**

# વણથંભ્યો વરસાદ શરૂ રહેતા શાકભાજીના ભાવ આસમાને : કિચન બજેટ ખોરવાયું

મોડાસા, ૦૩

રાજ્યમાં છેલ્લા સપ્તાહથી સતત અને અવિરતપણે રાજાધિરાજ મેઘરાજાની અપાર અમીદ્રષ્ટિના કારણે સૌથી પ્રથમ તેની ખેતીવાડીક્ષેત્રમાં વ્યાપક પ્રમાણમાં અસર થઈ રહી છે. અતિવૃષ્ટિના માહોલમાં બંને જીલ્લાના





શાકમાર્કેટમાં ગામડાઓમાંથી શાકભાજીની નીયમીત આવકમાં અસર થતા અને રોજીંદો પુરવઠો ઘટતા શાકભાજીના ભાવ રોકેટ ગતિએ સડસડાટ રીતે આસમાને આંબી જતા ગરીબ અને મધ્યમવર્ગીય ગૃહિણીઓમાં દેકારો મચ્યો છે.

કમ્મરતોડ મોંઘવારીના અજગર ભરડામાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પીસાઈ રહ્યા છે. દૂધ, વીજળી, રાંધણ ગેસ અને પેટ્રોલિયમ પેદાશો સહિત જીવન જરૂરીયાતની અત્યંત આવશ્યક તમામ ચીજવસ્તુઓના ભાવ કુદકે અને ભૂસકે ઉંચે ને ઉંચે જઈ રહ્યા છે. જેના કારણે આમ જનતાને પરિવારજનોનું ગુજરાન ચલાવવુ ભારે દુષ્કર થઈ પડયુ છે. તેવા કઠીન સમયમાં હાલ ચોમાસુ ખરા અર્થમાં જામતા શાકની ડીલીવરીમાં રૂકાવટ જણાઈ રહી છે. કેટલાક શાકભાજી એકાંતરે આવવા લાગ્યા છે. જયારે અમુક બકાલુ ડિમાન્ડ મુજબ ન આવતા શાકમાર્કેટમાં લીલા શાકભાજીના ભાવ પણ વધવા લાગતા



ગૃહિણીઓના કીચન બજેટ અસ્તવ્યસ્ત થવા લાગ્યા છે. શાક બકાલાના ભાવમાં ઉછાળો આવતા ચિંતામગ્ન બનેલી ગૃહિણીઓમાં રોજીંદો કકળાટ વધી રહ્યો છે. શાકભાજી ના રાજા ગણાતા બટેટા સહિત એકાદ બે શાકને બાદ કરતા મોટા ભાગના શાકભાજીના ભાવ વધતા જતા હોય ગૃહિણીઓમાં રોજ શેનું શાક બનાવવુ તેની સૌથી મોટી વિમાસણ રહે છે. ટીંડોરા, તુરીયા, ચોળી, રીંગણા, ગુવાર, સરગવો, ટમેટા, દૂધી,કોબીઝ, ફલાવર, ભીંડો સહિતના શાકબકાલાના ભાવમાં વધારો જણાય છે. જેથી શહેરની અને હાઈવે પરની હોટલ અને રેસ્ટોરન્ટમાં પીરસાતી ગુજરાતી થાળીના ભાવ પણ વધારી દેવામાં આવ્યા છે. એટલુ જ નહિ ઘરઘરાઉ કેટરીંગ અને ટીફીનસેવા પણ મોંઘી થઈ ગઈ છે. આ અગાઉ કોરોનાકાળમાં પણ શાકભાજીના ભાવ વધ્યા હતા. શાકમાર્કેટમાં અને શાકભાજી વેંચતા ફેરિયાઓ પાસે શાકભાજીના ભાવ સાંભળીને ગૃહિણીઓ શાક ખરીદવાનું અથવા જરૂરીયાત કરતા ઓછુ ખરીદીને સંતોષ માની રહ્યા છે.જયારે ઘણી ગૃહિણીઓ કઠોળ તરફ પણ વળી રહી છે.કેટલાક શાકભાજીના વિક્રેતાઓ દ્વારા મનસ્વી રીતે શાકભાજીના ઉંચા ભાવ વસૂલાઈ રહ્યા હોય અધુરામાં પુરુ ઉંચા દામ લઈને શાકની કવોન્ટીટી પણ ઓછી આપવામાં આવતી હોવાની હોય ગૃહિણીઓમાં કચવાટ વ્યાપી જવા પામેલ છે.